**H K Software**
9,Laxminagar Society,Opp.D.K.Patel Hall, Naranpura, Ahmedabad - 380013
**Ph No - 079-27682263 (M) - 7698555501**

# Goods and Service Tax

હાલ ના કાયદા મુજબ એક્સસાઈઝ મેનુફેક્ચરિંગ  પર લાગે છે, વેટ વેચાણ પર લાગે છે , સર્વિસ ટેક્સ સર્વિસ આપવા પર લાગે છે જયારે GST સપ્લાય ઉપર લાગે છે.

સપ્લાય માં માલ અને સેવા ના સપ્લાય સિવાય નીચેની બાબતો નો સમાવેશ થાય છે.

1. કોઈ અવેજના બદલામાં કે સિવાય અને ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ અર્થે કે તે સિવાય, દેશ બહારથી આયાત કરેલ સેવાઓ.
2. નીચેના વ્યવહારો કે જેમાં કોઈ અવેજ હોય કે ન હોય તો પણ તેનો સપ્લાયમાં સમાવેશ થશેઃ
    1. ધંધાની મિલ્કતની કાયમી તબદીલી કે નિકાલ.
    2. ધંધાની મિલ્કતનો કામચલાઉ રીતે ધંધા સિવાય કે ખાનગી ઉપયોગ.
    3. સેવાઓનો ખાનગી કે ધંધા સિવાય ઉપયોગ.
    4. નોંધણી નંબર રદ થયા બાદ રાખી મૂકવામાં આવેલ મિલ્કત.
    5. કરપાત્ર વ્યકિત દ્વારા અન્ય કરપાત્ર કે બીજી કેઈ વ્યકિતને ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ માટે માલ કે સેવાઓનો સપ્લાય.

       એ નોંધ લેવી રહી કે નોંધાયેલ કરપાત્ર વ્યકિત દ્વારા જોબ વર્કરને માલ મોકલવામાં આવે તે સપ્લાય ગણાશે નહીં.
3. ખરીદી કે વેચાણના કમિશન એજન્ટ નિયુક્ત થયા હોય ત્યારે એજન્ટ અને પ્રીન્સીપાલ વચ્ચેના વ્યવહારો સપ્લાય ગણાશે.
4. ઈલેક્ટ્રોનીક કોમર્સ સપ્લાયર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી બ્રાન્ડેડ સર્વીસીસ એ સપ્લાય ગણાશે.

**H K Software**
9,Laxminagar Society,Opp.D.K.Patel Hall, Naranpura, Ahmedabad - 380013
Ph No - 079-27682263 (M) - 7698555501

## GST ના કાયદા પ્રમાણે સપ્લાય ક્યારે થયો ગણાય ?

(A) નીચેમાંથી જે વહેલું થાય તે સમયે માલનો સપ્લાય થયેલ ગણાય

1. જ્યારે માલ ની Movement શક્ય હોય ત્યારે, જે દિવસે માલ પ્રાપ્ત કરનારને મોકલવા માલ ખસેડવામાં આવે તે દિવસ

2. સપ્લાયનું બીલ જે તારીખે આપેલું હોય.

3. સપ્લાય નું પેમેન્ટ જે તારીખે ચુકવેલ હોય.

4. ચોપડે માલ મળ્યાની નોંધ કરવામાં આવે ત્યારે.

(B) જયારે રિવર્સ ચાર્જ બેઝીઝ પર માલ મેળવનારે વેરો ભરવાનો હોય ત્યાંરે નીચેમાંથી જે વહેલું થાય તે સમયે માલનો સપ્લાય થયેલ ગણાશે:

1. માલ મળ્યાની તારીખ

2. સપ્લાયનું બીલ જે તારીખે મળેલ હોય

3. સપ્લાયનું પેમેન્ટ જે તારીખે મળેલ હોય

4. ચોપડે માલ મળ્યાની નોંધ કરવામાં આવે.

(C) જ્યારે માલ જાંગડ મોકલવામાં આવે ત્યારે જ્યારે સપ્લાય થયાનું નક્કી થાય અથવા **માલ મોકલ્યાથી 6 માસનો સમય બેમાંથી જે વહેલું હોય તે દિવસે સપ્લાય થયેલ ગણાશે.**

(D). જ્યારે ઉપરના કોઈ પણ રીતે માલ સપ્લાય થયાની તારીખ નક્કી થઈ શકે તેમ ન હોય ત્યારે:

1. જો સમયાંતરે Return ભરવાના હોય તેવા કેસોમાં જયારે Return ભરવામાં આવે તે તારીખે અને

2. અન્ય વ્યવહારોમાં જ્યારે CGST કે SGST નું Payment કરવામાં આવે તે તારીખ.

## રજીસ્ટ્રેશન (નોંધણી)ની જોગવાઈઓ

(A) રજીસ્ટ્રેશન માટેની નક્કી કરેલ લીમીટ — 9 લાખ નોર્મલ કેટેગરી-4 લાખ ઈસ્ટના રાજ્યો જેવા કે – આસામ-મેઘાલય-અરૂણાચલ-મણીપુર-ત્રીપુરા-મિઝોરમ-નાગાલેન્ડ અને સિક્કિમ.

(B) ફરજીયાત રજીસ્ટ્રેશન નીચેના પ્રમાણે ના વ્યવહારો માં કરાવું પડે.

(જે કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ મુજબ)

- ઈન્ટરસ્ટેટ ટેક્સેબલ સપ્લાય.
- Casual ટેક્સેબલ સપ્લાય.
- જે લોકો રીવર્સ ચાર્જ કરીને વેરો ભવાના છે.
- નોન રેસીડન્સીઅલ ટેક્સેબલ વ્યકિત.
- જે લોકો ટીડીએસ કરવાના છે.
- જે લોકો એજન્ટ તરીકે કામ કરવાના છે.
- બ્રાન્ડ નેમ વગર ઈકોર્મસ ઓપરેટર્સ થ્રુ સપ્લાય કે સર્વિસ આપતી વ્યકિત.
- ઈકોર્મસ ઓપરેટર્સ.
- એગ્રીગેટર who supplies services under his brand name or his trade name.
- ઈમ્પુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુટર્સ.
- કેન્દ્ર/રાજ્ય જેને નોટીફાય કરે તેવી વ્યકિતઓ.

## રજીસ્ટ્રેશનની અન્ય જોગવાઈઓ

- રજીસ્ટ્રેશન જે આપાવામાં આવશે તે PAN NO બેઈઝ ઉપર જ આપાવામાં આવશે.
- દરેક ને રાજ્ય માં 3 પ્રકાર ના નંબર આપવા માં આવશે SGST , CGST અને જો આંતર રાજ્ય વેચાણ કરતા હોય તો IGST.
- રાજ્યવારઃ- રજીસ્ટ્રેશન લેવુ પડશે. (જેમ કે 3 રાજ્ય માં બ્રાન્ચ હોય તો 3 બ્રાન્ચ માં 3 નંબર આવશે)
- જે વ્યકિત એક કરતા વધારે ધંધો જેતે રાજ્યમાં કરે છે તેઓએ દરેક ધંધા માટે આઈટમવાર રાજ્યમાં અલગ અલગ નોંધણી નંબર લઈ શકશે. (જેમ કે સોના ચાંદી ની સાથે કન્સ્ટ્રકશન, હોટેલ વગેરે ધંધા મુજબ નંબર મળી શકશે )
- જે વ્યકિત નું ટર્નઓવર નક્કી કરેલ ગુડઝ/સર્વિસની ટર્નઓવરની મર્યાદા કરતા ઓછી હશે તો રજીસ્ટ્રેશનની જરૂરીયાત રહેશે નહીં આમ છતાં તેઓ ઈચ્છે તો મરજીયાત રજીસ્ટ્રેશનની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન લઈ શકશે.
- ઈનપુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુટર્સ (ISD) કે જેઓ અગાઉના કાયદામાં નોંધાયેલ છે તેઓએ ફ્રેશ રજીસ્ટ્રેશન માટે પ્રોસીઝર મુજબ રજીસ્ટ્રેશન કરાવવું પડશે.

## હાલ ના રજીસ્ટ્રેશન નંબરમાં ફેરફાર જીએસટી કાયદામાં કેવી રીતે થશે?

- સૌપ્રથમ કામચલાઉ રજીસ્ટ્રેશન આપાવામાં આવશે એટલે કે જે વ્યકિત અગાઉના કોઈ પણ કાયદા હેઠળ નોંધાયેલ હશે તેમને કામચલાઉ નોંધણી નંબર અપાશે.
- માન્યતાઃ- આ રજીસ્ટ્રેશનની માન્યતા (વેલીડીટી) 6 માસ સુધી અમલમાં રહેશે. જરૂર પડશે તો 6 માસ સુધી મુદતમાં વધારે કરી શકાશે.

- જાણકારીઃ- જે વ્યકિતનું આવું પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે તે વ્યકિતએ નિયત ફોર્મમાં તેની જાણકારી કાઉન્સીલ(કમીટી) નક્કી કરે તે મુજબ તે સમયમાં આપવી પડશે.
- ફાઈનલ પ્રમાણપત્રઃ- ઉપર મુજબની પ્રેસીઝર પછી કેન્દ્ર/રાજ્ય ફાયનલ પ્રમાણપત્ર ઈસ્યુ કરશે.
- પ્રમાણપત્ર કેન્સલઃ- ઉપર મુજબની વિગતો નિયત નમુનામાં ન આપવામાં આવે અથવા ફાયનલ પ્રમાણપત્ર ન આવે તો કામચલાઉ પ્રમાણપત્ર આપોઆપ કેન્સલ થઈ જશે.

## ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવવા માટે ની શરતો કઈ?

ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવવા નીચેની શરતો પૂર્ણ થવી આવશ્યક છે.

1. વેપારી પાસે જે માલ કે સેવાઓ પર ચૂકવેલ વેરા ની ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગવામા આવતી હોય તેનુ બીલ જરુરી છે.
2. વેપારી ને ખરેખર માલ કે સેવાઓ મળેલ હોવી જોઈએ.
3. જે વેપારી પાસેથી માલ કે સેવાઓ મળેલ હોય તેણે ખરેખર વેરો કાંતો રોકડેથી ભરીને કે તેને મળવાપાત્ર ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ સરભર કરીને ચૂકવેલ હોવો જોઈએ.
4. જે વેપારી ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગતા હોય તેણે પત્રકો ભરેલો હોવા જોઈએ.

## ઇનપુટ  ટેક્સ ક્રેડિટ સરભર શાની સામે થશે ?

1. SGST ની ઇનપુટ ટેક્સ ક્રેડિટ SGST ની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે અને વધે તો IGSTની જવાબદારી સામે સરભર કરાશે.
2. CGSTની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ CGSTની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે અને વધે તો IGSTની જવાબદારી સામે સરભર કરાશે.

3. IGSTની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ IGSTની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે, ત્યારબાદવધે તો CGSTની જવાબદારી સામે સરભર અને તે પછી પણ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ વધે તો તે SGSTની જવાબદારી સામે સરભર કરાશે..

4. SGST ની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ CGSTની જવાબદારી સામે અને CGSTની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ SGSTની જવાબદારી સામે સરભર કરી શકાશે નહી.

## બીલો કેવા બનાવવાના રહેશે

1. નોંધાયેલ કરપાત્ર વ્યકિતએ કરપાત્ર માલ કે સેવાઓ સપ્લાય કરવા માટે ટેક્ષ ઈન્વોઈસ આપવાનું રહેશે. બીલમાં માલનું વર્ણન, માલનો જથ્થો, માલની કિંમત અને લગાવેલ વેરાની અને નિયમોથી નિર્ધારીત કરવામાં આવે તે માહિતી સામેલ કરવાની રહેશે.

2. માફી માલ કે સેવાઓ આપનાર કે ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર વ્યકિતએ બીલ ઓફ સપ્લાય આપવાનું રહેશે.

## પત્રકો ક્યારે અને કયા ભરશો ?

1. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર વ્યકિતઅ જે તે ત્રિમાસ પૂરા થયેથી 18 દિવસમાં ઈલેક્ટ્રોનીકલી રીટર્ન ભરવાનું રહેશે.
2. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર સિવાયની વ્યક્તિઓઅ જે તે માસ પૂરા થયેથી 10 દિવસમાં પોતે કરેલ સપ્લાયને લગતા બીલોની માહિતીનું પત્રક ભરવાનું રહશે અને તેની નકલ માલ કે સેવા આપનારને આપવાની રહેશે. **GSTR-1 ( Sales Register).**
3. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર સિવાયની વ્યકિતઓએ જે તે માસ પૂરા થયેથી 15 દિવસમાં પોતે મેળવેલ માલ કે સેવાને લગતા બીલો અને મળેલ ક્રેડીટ અને ડેબીટ નોટની માહિતીનું પત્રક ભરવાનું રહેશે. **GSTR- 2 (Purchase Register).**
4. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર સિવાયની વ્યકિતઓએ જે તે માસ પૂરા થયેથી 20 દિવસમાં માસિક પત્રક ભરવાનું રહશે. **GSTR-3 (Monthly Return Form).**

5. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર વ્યકિતઓએ ત્રિમાસિક રીટર્ન ભરવાનું રહેશે **GSTR-4 (ત્રણ માસ પુરા થયા ના18 દિવસ ની અંદર ).**
6. વાર્ષિક રીટર્ન વર્ષ પુરૂ થયા ના 31 ડિસેમ્બર પહેલા **GSTR 8**
7. પત્રક પ્રમાણેનો ભરવાપાત્ર વેરો પત્રક ભરવાની છેલ્લી તારીખ પહેલા ઈલેક્ટ્રોનીકલી ભરવાનો રહેશે.
8. વેરો ભર્યા સિવાયનું પત્રક કાયદેસરનું ગણાશે નહીં.
9. આગલા સમયનું પત્રક ભરવાનું બાકી હશે તો પછીના સમયનું પત્રક ભરી શકાશે નહીં.
10. માલ કે સેવાનો સપ્લાય કર્યો હોય કે ન હોય તમામ નોંધાયેલ વ્યકિતઓઅ પત્રક ભરવાનું રહશે. (NIL Return).
11. પત્રક ભરી દીધા પછી તેમાં કોઈ ભૂલ જણાય તો રીવાઈઝડ પત્રક ભરી શકાશે, પરંતુ જે તે વર્ષ પૂરા થયા પછીના વર્ષના સપ્ટેમ્બર માસના કે બીજા ત્રિમાસિક રીટર્ન અને વાર્ષિક પત્રક ભર્યાની તારીખ બેમાંથી જે વહેલુ હોય તે પછી રીવાઈઝડ પત્રક ભરી શકાશે નહીં.
12. વાર્ષિક પત્રક જે તે વર્ષ પૂરુ થયા પછીના 31 ડીસેમ્બર સુધીમાં ભરવાનું રહેશે.
13. રીટર્ન મોડું ભરવા બાદલ પ્રતિ દિન Rs. 100 LATE FEES MAXIMUM Rs. 5000.

## અન્ય જોગવાઈઓ (જનરલ)

1. GST ના કાયદા ની કલમ 73 મુજબ ગુન્હો કરનાર વેપારીઓ કે ઉદ્યોગકારને જેલની સજા કરવાની સત્તા અધિકારીને આપેલી છે.
2. કલમ 70ની જોગવાઈ મુજબ અધિકારીને તેની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરીને માલની કિંમત જેટલો દંડ લગાડી શકે છે તેવી જોગવાઈ હાલ આ મોડેલ અક્ટમાં છે.
3. કલમ 42(1)ની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં બીઝનેશનાં એકથી વધુ સ્થળ દર્શાવવામાં આવ્યા હોય તેવા સંજોગોમાં દરેક સ્થળના બીઝનેશના એકાઉન્ટ જે તે સ્થળે અલગથી રાખવા પડશે.

**H K Software**
9,Laxminagar Society,Opp.D.K.Patel Hall, Naranpura, Ahmedabad - 380013
**Ph No - 079-27682263 (M) - 7698555501**

4. કલમ 42(4) મુજબ GST કાયદાની જોગવાઈ મુજબ GSTનું ઓડીટ માત્ર C.A. ▯ ને ICWA એજ કરી શકશે.
5. વેચનાર કરપાત્ર વ્યકિત વેરો જમા ન કરાવે તો ખરીદનારે ચુકવવો જ પડશે (વેટની જેવી જોગવાઈ છે)

## GST કાયદામાં અગત્યના મુદ્દા

- કિંમત લીધા વિના સપ્લાય કરેલ વસ્તુઓ પર GST લાગશે.
- કોઈપણ પ્રકારના અવેજ લીધા વગર પણ સપ્લાય કરેલ હશે તો પણ ટેક્ષ લાગશે.
- બ્રાંચ કે જાંગડ રવાનગીના સપ્લાય પર પણ ટેક્ષ લાગશે. આમાં માલની તબદીલી થતી નથી છતાં.
- ધંધાની મિલકતની કાયમી તબદીલી અવેજ વિના કરાઈ હોય ધંધાની મિલકતમાં કામચલાઉ ધોરણ ધંધા સિવાયના કોઈ ખાનગી હેતુ માટે ઉપયોગ કરવામાં આવેલ હોય.
- સર્વિસ કે સેવાઓનો ખાનગી હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોય તેમજ,
- નોંધણી નંબર રદ્દ થઈ ગયા પછી ફાજલ પડી રહેલી મિલકત પણ ટેક્ષ ભરવાને પાત્ર છે.
- ધંધાના વિકાસ માટે દેશની બહારથી કોઈપણ સેવાઓ આયાત કરવામાં આવી હોય અને તેના માટે કોઈ કિંમત પણ ચૂકવવામાં આવી નહીં હોય તો પણ તે GSTમાં કરપાત્ર ગણી ટેક્ષ ભરવો પડશે.